RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 270 * Date: 20.07.2025,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ગાંધીનગરમાં સચિવાલય અને કલેક્ટર કચેરીને મળી ધમકી



ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં આવેલા મુખ્યમંત્રી કાર્યાલય અને કલેક્ટર કચેરીને બે દિવસ અગાઉ બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈ-મેલ મળ્યો હતો. જેને લઈને પોલીસ બેડામાં ભારે ખળભળાટ સાથે દોડધામ મચી ગઇ છે. ધમકીભર્યો ઈ-મેઈલ મળતાની સાથે જ સુરક્ષા એજન્સીઓ સક્રિય બની છે અને તાત્કાલિક ધોરણે તપાસ શરૂ કરી દેવામાં આવી છે, પરંતુ કશું મળી આવ્યું ન હતું. આ ઘટનાને પગલે ગાંધીનગર સહિત રાજ્યભરમાં લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે અગાઉ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત વિવિધ સુરત, વડોદરા અને વેરાવળ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી ચૂકી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ઈ-મેઈલ દ્વારા મુખ્યમંત્રી કાર્યાલય અને કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. આ ધમકીભર્યા ઈ-મેઈલમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે પંજાબના અમૃતસરમાં આવેલા સુવર્ણ મંદિર બાદ ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલયને ટાર્ગેટ બનાવવામાં આવશે.આ ગંભીર ધમકી મળતાની સાથે જ રાજ્યનું ગૃહ વિભાગ, પોલીસ વિભાગ અને અન્ય સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી ગઈ હતી.

મુખ્યમંત્રી કાર્યાલય અને કલેક્ટર કચેરી સહિત સંવેદનશીલ સ્થળોએ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસ દ્વારા ઈ-મેઈલ ક્યાંથી મોકલવામાં આવ્યો? આ ધમકી પાછળ કોનો હાથ છે? તે દિશામાં સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. સાયબર ક્રાઈમ ટીમ પણ આ મામલે તપાસ કરી રહી છે. આ ઘટનાને પગલે સમગ્ર સરકારી તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે.

## આણંદ ડિવિઝન પોસ્ટ ઓફિસ ખાતે આઇટી ૨.૦ સોફ્ટવેરનો પ્રારંભ

સમગ્ર ગુજરાતની સાથે આણંદ ડિવિઝન ખાતેની તમામ ટપાલ કચેરીઓમાં આગામી તા.૨૨ મી જુલાઈ મંગળવારના રોજ થી એડવાન્સ પોસ્ટલ ટેકનોલોજી એપ્લિકેશન ૨.૦ સોફ્ટવેરનો પ્રારંભ કરવામાં આવનાર છે. આણંદ ડિવિઝનના સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ અશોકભાઈ જે. પરમારના જણાવ્યા મુજબ તારીખ ૨૧ મી જુલાઈના રોજ આણંદ ડિવિઝન ખાતેની તમામ ટપાલ કચેરીઓ ખાતે સાદી ટપાલ સિવાય કોઈપણ ટ્રાન્જેક્શન એટલે કે નાણાકીય લેવડ દેવડ કરવામાં આવશે નહીં, જે કામગીરી બંધ રહેશે. આ ઉપરાંત અધ્યતન એડવાન્સ પોસ્ટલ ટેકનોલોજી એપ્લિકેશનનું રોલ આઉટ કરવાથી ડિજિટલ ક્ષેત્રની અને રાષ્ટ્રીય નિર્માણની યાત્રામાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન્સ સુધી લઈ જશે. આ નવી પહેલના ભાગરૂપે નવી સિસ્ટમ તા.૨૨ મી જુલાઈના રોજથી આણંદ ડિવિઝનમાં અમલમાં આવશે. આ આધુનિક ડિજિટલ પ્લેટફોર્મ પર સરળ અને સુરક્ષિત સ્થાનાંતર સુનિશ્ચિત કરવા માટે તારીખ ૨૧ મી જુલાઈ ના રોજ ડાઉન ટાઈમ નક્કી કરવામાં આવ્યો છે.

## સીજી રોડ સ્થિત આંગડીયા પેઢીના નામે નાણાં લઇ ગઠિયાઓએ છેતરપિંડી કરી




અમદાવાદના નારણપુરામાં આવેલા એક જીમમાં દિલ્હીથી કસરતના સાધનો મંગાવેલા હોવાથી તેમણે નાણાં ચુકવવા માટે ઓનલાઈન સી.જી રોડ પર આવેલા એક આંગડિયા પેઢીનો નંબર મેળવીને નવ લાખ રૂપિયા રોકડા આપ્યા હતા. પરંતુ, ગઠીયાઓએ આંગડીયા પેઢીના નામે નાણાં મેળવીને આબાદ છેતરપિંડી આચરી હતી. આ અંગે નવરંગપુરા પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

મણિનગર ગોરના કુવા પાસે આવેલી હિમપાર્ક સોસાયટીમાં રહેતા સોનિયાબેન ખન્નાએ નારણપુરામાં આવેલા સ્ટાર ઈલેવન જીમ માટેના સાધનો દિલ્હીથી મંગાવેલા હતા. જેના નાણાં આંગડીયા પેઢી દ્વારા ચુકવવાના હોવાથી તેમણે જસ્ટ ડાઈલ નામની એપ્લીકેશનથી સી.જી રોડ પર સમૃદ્ધિ કોમ્પ્લેક્સ સ્થિત પી.આર એન્ટરપ્રાઈઝ નામની આંગડીયા પેઢીનો નંબર મેળવીને કોલ કરતા આકાશ નામના વ્યક્તિએ આંગડીયા પેઢીના સંચાલક તરીકે ઓળખ આપીને નાણાં લેવા આવતા સમયે તેમના માણસને ૧૦ નોટ પરનો કોડ આપવા માટેની વાત નક્કી થઇ હતી. અગાઉથી નક્કી થયા મુજબ સોનિયાબેને તેમની પાસેથી નોટ જોઈને નવ લાખ રૂપિયા ચુકવી દીધા હતા. સાથેસાથે તેમણે દિલ્હી પણ વાત કરી હતી. પરંતુ, કલાકો બાદ પણ દિલ્હી નાણાં પહોંચ્યા નહોતા.સાથે સાથે દિલ્હીમાં નાણા લેવા માટે એક વ્યક્તિનુ સરનામુ આપ્યું હતું.

### એક જ દિવસમાં બે સ્ટુડન્ટના આપઘાત

## IIT ખડગપુરમાં વિદ્યાર્થીએ તો શારદા યુનિવર્સિટીમાં વિદ્યાર્થિનીએ જીવ ટૂંકાવ્યો



છેલ્લાં ઘણાં સમયથી વિદ્યાર્થીઓના આપઘાતના કેસમાં વધારો થઈ રહ્યો છે. એવામાં એક જ દિવસમાં બે રાજયમાંથી અલગ-અલગ આપઘાતના કેસ સામે આવ્યા છે. જેમાં ગ્રેટર નોઇડાની શારદા યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં બીડીએસ કોર્સની એક વિદ્યાર્થિનીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ત્યાં બીજી બાજુ પશ્ચિમ બંગાળમાં બીટેકના ચોથા વર્ષમાં અભ્યાસ કરતા રીતમ મંડળે પણ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે.

ગ્રેટર નોઇડાની શારદા યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં બીડીએસ કોર્સની એક વિદ્યાર્થિની દ્વારા કથિત ફાંસી લગાવીને આપઘાત કરવાનો કેસ સામે આવ્યો છે. આપઘાત પહેલાં વિદ્યાર્થિની દ્વારા લખવામાં આવેલી એક સ્યુસાઇડ નોટમાં બે શિક્ષકો દ્વારા હેરાન અને અપમાનિત કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. પોલીસે આ મામલે FIR દાખલ કરી બંનેની ધરપકડ કરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, ગુરૂગ્રામની રહેવાસી ૨૧ વર્ષીય વિદ્યાર્થિની જ્યોતિ શારદા યુનિવર્સિટીથી બીડીએસનો અભ્યાસ કરી રહી હતી. શુક્રવારે રાત્રે વિદ્યાર્થિનીએ હોસ્ટેલના રૂમમાં ફાંસો લગાવીને આપઘાત કર્યો હતો. વિદ્યાર્થિનીના રૂમની તપાસ કરતા ત્યાંથી એક સ્યુસાઇટ નોટ મળી આવી હતી, જેમાં યુનિવર્સિટીના સ્ટાફ પર આરોપ લગાવવામાં આવ્યા હતા. સ્યુસાઇડ નોટમાં લખ્યું કે હતું કે, 'મારી મોતના જવાબદાર મહેન્દ્ર સર અને શાર્ગ મેમ છે. તેમણે મને માનસિક રીતે હેરાન કરી અને અપમાનિત કરી.'બીજી બાજું પશ્ચિમ બંગાળના ખડગપુર IITમાં બીટેકના ચોથા વર્ષના વિદ્યાર્થી રીતમ મંડલે હોસ્ટેલના રૂમમાં ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. જોકે, પોલીસ તપાસમાં તેના રૂમમાંથી કોઈ સ્યુસાઇટ નોટ મળી આવી નથી. આ સિવાય તેના હોસ્ટેલ તેમજ સાથે અભ્યાસ કરતા મિત્રોએ પોલીસે પૂછપરછ કરી તો તેમાં પણ કોઈ અસામાન્ય વર્તન નોંધાયું નથી. હાલ, પોલીસે આ મામલે આપઘાતનો કેસ દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## કરચોરી પર ઇન્કમટેક્સનો સકંજો રાજકોટમાંથી ૧૫૦ની યાદી મળી

ગત ૧૪ જુલાઈ, ૨૦૨૫ના રોજ આવકવેરા વિભાગે કરચોરી અને ખોટી રીતે્ હ્રજી મેળવવાના મામલે ગુજરાતમાં કુલ ૧૫ સ્થળોએ એકસાથે દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહીમાં રાજકોટ જિલ્લામાં ગોંડલ-ધોરાજીમાં ચાલી રહેલું સર્ચ અને સર્વે પૂર્ણ થતાં, રાજકોટના એક ટેક્સ પ્રેક્ટિસનર પાસેથીં ટીમને લગભગ ૧૫૦ લોકોની યાદી મળી છે.સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ યાદીમાં એવા લોકોના નામ છે જેમણે ટેક્સમાંથી રાહત મેળવવા માટે નાણાંકીય ગોઠવણ કરી હતી અથવા નાના રાજકીય પક્ષોને દાન આપીને ૧૦% સુધીની કર રાહત મેળવી હતી. હવે આ તમામ લોકોને સમન્સ પાઠવીને ટેક્સ ભરવા માટે જાણ કરવામાં આવશે. જો કોઈ કરદાતા ટેક્સ ભરપાઈ નહી કરે, તો આવકવેરા વિભાગ પેનલ્ટી સાથે ટેક્સ વસૂલવા માટે કડક કાર્યવાહી કરશે.

## ગુજરાતની કંપની પર બેન મુદ્દે કેન્દ્રની યુરોપિયન યુનિયનને ચેતવણી



યુરોપિયન યુનિયન (ઈ) દ્વારા રશિયા સામે લાદવામાં આવેલા નવા પ્રતિબંધોને મૂળથી નકારતા ઊર્જા વેપારમાં 'બેવડું વલણ' અપનાવવાના કારણે યુરોપની આકરી ટીકા કરી છે. ઈએ પોતાના ૧૮માં પ્રતિબંધ પેકેજ હેઠળ ગુજરાતની વાડીનાર રિફાઇનરીને નિશાન બનાવી છે. આ રિફાઇનરીને નાયરા એનર્જી લિમિટેડ નામની કંપની સંચાલિત કરે છે. રિફાઇનરીમાં રશિયન તેલ કંપની રોસનેફ્ટની ૪૯.૧૩% ભાગીદારી છે. વિદેશ મંત્રાલય (એમઈએ) એ યુરોપિયન સંઘ દ્વારા રશિયા પર ખાસ કરીને તેના ઊર્જા વેપાર પર નવા દંડાત્મક ઉપાયની જાહેરાતના જવાબમાં કહ્યું કે, ભારત કોઈપણ એકતરફી પ્રતિબંધ ઉપાયોનું સમર્થન નથી કરતું. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે શુક્રવારે (૧૮ જુલાઈ) પોતાના એક નિવેદનમાં કહ્યું હતું કે, 'અમે યુરોપિયન યુનિયન દ્વારા તાજા પ્રતિબંધો પર ધ્યાન દોર્યું છે. ભારત કોઈપણ એકતરફી પ્રતિબંધોનું સમર્થન નથી કરતું. અમે એક જવાબદાર દેશ છીએ અને પોતાના કાનૂની જવાબદારીનું સંપૂર્ણ રીતે પાલન કરીએ છીએ. ઊર્જા સુરક્ષા અમારા નાગરિકોની પાયાની જરૂરિયાતોને પૂરી કરવા માટે ખૂબ જ જરૂરી છે. અમે સ્પષ્ટ રૂપે કહેવા માગીએ છીએ કે, ઊર્જા વેપારમાં બેવડું વલણ સ્વીકારવામાં નહીં આવે.' નોંધનીય છે કે, આ નિવેદન ન ફક્ત ઈ ના પગલાની પ્રતિક્રિયા છે. પરંતુ, ભારતની વેપાર નીતિનો પણ સંદેશ છે કે, તે પોતાની ઊર્જા સુરક્ષા પર કોઈ સમજૂતી નહી કરે. યુરોપિયન યુનિયને ૧૬ જુલાઈએ રશિયાની વિરૂદ્ધ પોતાના ૧૮માં પ્રતિબંધ પેકેજની જાહેરાત કરી, તેનો હેતુ રશિયાના ક્રૂડ ઓઇલ અને ઊર્જા ક્ષેત્રને નિશાન બનાવવાનો છે. આ પેકેજમાં રશિયન ક્રૂડ ઓઇલની મહત્તમ કિંમતને ૬૦ ડૉલર પ્રતિ બેરલથી ઘટાડીને ૪૭.૬ ડૉલર પ્રતિ બેરલ કરવાનું સામેલ છે, જેથી રશિયાની આવકમાં ઘટાડો કરી શકાય.

## અમેરિકામાં GENIUS ACT પસાર, ક્રિપ્ટો યુઝર્સને મોટો ફાયદો



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે યુએસ સ્ટેબલકોઈન્સ એટલે કે ડોલર-પેગ્ડ ક્રિપ્ટોકરન્સી માટે નિયમનકારી વ્યવસ્થા બનાવવા માટેના કાયદા 'ગાઈડિંગ એન્ડ એસ્ટાબ્લિશિંગ નેશનલ ઈનોવેશન ફોર યુએસ સ્ટેબલકોઈન્સ એક્ટ' એટલે કે 'જીનિયસ એક્ટ' પર હસ્તાક્ષર કરીને એક ઐતિહાસિક પગલું ભર્યું. નિષ્ણાંતો આ કાયદાને એક સીમાચિહ્નરૂપ કાયદો કહી રહ્યા છે.આ કાયદાનો હેતુ અમેરિકાને ડિજિટલ કરન્સીમાં વિશ્વ અગ્રણી બનાવવાનો અને વૈશ્વિક નાણાકીય વ્યવસ્થામાં યુએસ ડોલરની સર્વોપરિતાને વધુ મજબૂત બનાવવાનો છે. ટ્રમ્પે મજાકમાં કહ્યું, 'આ કાયદો મારા નામ પરથી રાખવામાં આવ્યો છે. આ ખરેખર એક અદ્ભુત કાયદો છે!' આ પ્રસંગે, ટ્રમ્પે બ્રિક્સ દેશો (બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા) ને ચેતવણી આપી હતી કે ડોલરની શક્તિને પડકારવાનો કોઈપણ પ્રયાસ નિરર્થક રહેશે.

GENIUS એક્ટ પર હસ્તાક્ષર કરતી વખતે, ટ્રમ્પે BRICS દેશો પર કટાક્ષ કરતા કહ્યું, 'BRICS નામનો એક નાનો સમૂહ છે, જે ઝડપથી નબળો પડી રહ્યો છે. આ દેશોએ ડોલરની શક્તિ અને પ્રાધાન્યતાને પડકારવાનો પ્રયાસ કર્યો હતો. મેં સ્પષ્ટ કર્યું કે અમે BRICS દેશ પર ૧૦% ટેરિફ લાદીશું. આ પછી, બીજા દિવસે લગભગ કોઈ તેમની બેઠકમાં આવ્યું નહી.'

ટ્રમ્પે ફરી એકવાર ધમકી આપી કે, 'જો BRICS ડોલરને નબળો પાડવાનો પ્રયાસ કરશે, તો તેમનું ગઠબંધન ટૂંક સમયમાં પૂરું થઈ જશે. જો અમે ડોલરની વૈશ્વિક રિઝર્વ ચલણ તરીકેનો દરજ્જો ગુમાવીશું, તો તે વિશ્વ યુદ્ધ હારવા જેવું હશે. જે અમે ક્યારેય થવા દઈશું નહી.'

GENIUS એક્ટનો હેતુ ડોલર આધારિત સ્ટેબલકોઈન્સનો એક સ્પષ્ટ અને સરળ નિયમનકારી માળખું બનાવવાનો છે. ટ્રમ્પે તેને ઈન્ટરનેટ પછીની નાણાકીય ટેકનોલોજીમાં સૌથી મોટી ક્રાંતિ ગણાવી.

## જામકંડોરણાના પાદરિયામાં તળાવમાં ડૂબી જવાથી ત્રણ બાળકોનાં મોત

રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના પાદરિયા ગામમાં એક હૃદયદ્રાવક ઘટના બની છે, જ્યાં તળાવમાં નાહવા પડેલા ત્રણ બાળકો ડૂબી જવાથી મૃત્યુ પામ્યા છે. આ બાળકો ખેતમજૂરી કરતા શ્રમિક પરિવારના હતા.

આજે સવારે ત્રણેય બાળકો તળાવમાં નાહવા ગયા હતા. તેઓ અચાનક ડૂબી ગયા હોવાની જાણ થતાં જ ગામના સરપંચ અને સ્થાનિક તરવૈયાઓએ તાત્કાલિક કાર્યવાહી કરીને તેમના મૃતદેહને પાણીમાંથી બહાર કાઢ્યા હતા. મૃત્યુ પામનારા બાળકોમાં ભાવેશ ડાંગી (ઉંમર ૬), હિતેશ ડાંગી (ઉંમર ૮) અને નિતેશ માવી (ઉંમર ૭) નો સમાવેશ થાય છે. આ પૈકી ભાવેશ અને હિતેશ સગા ભાઈઓ હતા.

## ટ્રેડીંગના નામે મહિલાએ રોકાણકારોને રૂપિયા ૨.૨૦ કરોડનો ચુનો લગાવ્યો

સુરતના અડાજણમાં રહેતી મહિલાએ ગ્રોમ નામની શેરબજારમાં ટ્રેડીંગની કંપની શરૂ કરીને પાંચ લાખની રોકાણની સામે પ્રતિમાસ ૨૦ ટકા વળતર આપવાનું કહીને રોકાણકારો સાથે રૂપિયા ૨.૨૦ કરોડની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ ચાંદખેડા પોલીસ મથકે નોંધવામાં આવી છે.શહેરના ગોદરેજ ગાર્ડન સીટીમાં આવેલા પાઇનક્રેસ્ટ એપાર્ટમેન્ટમાં રહેતા સપનાબેન પીઠડીયા ગાંધીનગર ઈન્ફોસીટીમાં નોકરી કરતા હતા. ત્યારે તેમની સાથે નોકરી કરતી જીગીશા જાદવ સાથે પરિચય થયો હતો. ત્યારબાદ બંનએ નોકરી છોડી હતી. વર્ષ ૨૦૨૩માં જીગીશાએ જણાવ્યું હતું કે તે સુરતના અડાજણ પાલ ડીવાઈન ડીઝાઈનર પાસે રહે છે અને ગ્રોમ નામની રજીસ્ટર્ડ કંપની ધરાવે છે. જેમાં મહત્તમ પાંચ લાખનું રોકાણ કરીને ટ્રેડીગ કરીને ત્રણ મહિના સુધીના રોકાણમાં ૨૦ ટકા જેટલો નફો આપે છે. જો ૨૫ લાખનું રોકાણ હોય તું હતું.

## રાજકોટમાં ડમ્પર હડફેટે કોલેજ છાત્રાનું કરુણ મોત

રાજકોટ શહેરના રૈયા રોડ પર આવેલા હનુમાન મઢી ચોક નજીક આજે સવારે એક ગમખ્વાર અકસ્માતમાં કોલેજ જઈ રહેલી ૧૯ વર્ષીય છાત્રાનું ડમ્પરની ઠોકરે મોત થયું હતું.

બજરંગવાડીમાં રહેતી જુહી તરુણભાઈ નળીયાપરા તેની બહેનપણી નિશા મેરુભાઈ રાણંગાના એક્ટિવા પર બેસીને કણસાગરા કોલેજમાં બી.કોમ.ના ત્રીજા વર્ષનો અભ્યાસ કરવા જઈ રહી હતી. હનુમાન મઢી ચોક પાસે પહોંચતા જ ડમ્પરના ચાલકે તેમના એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં જુહી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી અને તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ટૂંકી સારવાર બાદ તેણે દમ તોડી દીધો હતો.

## તંત્રી લેખ....

# ચાંદી ઉછળી રૂ.૧૧૩૫૦૦ની વિક્રમી ટોચેઃ અંકુશો વચ્ચે તેજી

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં તેજી આગળ વધી હતી. વિશ્વ બજારના સમાચાર આગેકૂચ બતાવતા હતા. વિશ્વ બજાર ઉંચકાતાં ઘરઆંગણે કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટ વધી જતાં ઝવેરી બજારોમાં તેજીનો પવન ફૂંકાયો હતો. જો કે ઉંચા મથાળે નવા વેપાર ધીમા રહ્યા હતા. અમદાવાદ ઝવેરી બજારમાં આજે ચાંદીના ભાવન કિલોના ઝડપી રૂ.૧૫૦૦ ઉછળી રૂ.૧ લાખ ૧૩ હજાર ૫૦૦ની ટોચે પહોંચી ગયા હતા. અમદાવાદ સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૭૦૦ વધ્યા હતા. અમદાવાદ સોનાના ભાવ વધી ૯૯૫ના રૂ.૧ લાખ ૯૦૦ તથા ૯૯૯ના રૂ.૧ લાખ ૧૨૦૦ બોલાતા થયા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૩૩૧૬થી ૩૩૧૭ વાળા ઉછલી ૩૩૫૮થી ૩૩૫૯ ડોલર રહ્યાના નિર્દેશો હતા.વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ વધ્યા પછી ઘટતાં વૈશ્વિક સોનામાં ઘટાડો ફંડોની લેવાલી વધ્યાના સમાચાર મળ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ પણ ઔંશદીઠ ૩૭.૭૩થી ૩૭.૭૪ વાળા વધી આજે ૩૮.૪૩ થઈ ૩૮.૩૯થી ૩૮.૪૦ ડોલર રહ્યા હતા.દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯૫ના રૂ.૯૭૦૬૩ વાળા વધી રૂ.૯૭૮૫૦ રહ્યા હતા. જ્યારે ૯૯૯ના ભાવ રૂ.૯૭૪૫૩ વાળા વધી રૂ.૯૮૨૪૩ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૧ લાખ ૧૧ હજારથી વધી રૂ.૧ લાખ ૧૨ હજાર ૭૦૦ના મથાળે પહોંચ્યા હતા.મુંબઈ સોના-ટાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંશના ૧૪૧૩થી ૧૪૧૪ વાળા વધી ૧૪૭૯થી ૧૪૮૦ ડોલર બોલાયા હતા. જ્યારે વૈશ્વિક પેલેડીયમના ભાવ ૧૨૩૪થી ૧૨૩૫ વાળા વધી ૧૨૩૬થી ૧૨૩૧થી ૧૨૩૨ ડોલર રહ્યા હતા.

# જસ્ટિસ યશવંત વર્માએ મહાભિયોગ ભલામણને સુપ્રીમ કોર્ટમાં પડકારી



નવી દિલ્હી,

દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્માએ સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરી છે, જેમાં તેમને ગેરવર્તણૂક માટે દોષિત ઠેરવવામાં આવેલા આંતરિક તપાસ પેનલના તારણોને પડકારવામાં આવ્યા છે. તેમણે તત્કાલીન મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના દ્વારા કરવામાં આવેલી મહાભિયોગ ભલામણનો પણ વિરોધ કર્યો છે, અને સમગ્ર ઘટનાક્રમને કાવતરું ગણાવ્યું છે.

આગની ઘટનાએ તપાસ શરૂ કરી

વિવાદ ૧૪-૧૫ માર્ચની રાત્રે શરૂ થયો હતો, જ્યારે દિલ્હીમાં જસ્ટિસ વર્માના સત્તાવાર નિવાસસ્થાને આગ લાગી હતી. અગ્નિશામક કામગીરી દરમિયાન, કટોકટી કર્મચારીઓને ઘરના સ્ટોરરૂમમાં ?૫૦૦ ની ચલણી નોટોના બળેલા બંડલ મળી આવ્યા હતા, જેનાથી ગંભીર શંકાઓ ઉભી થઈ હતી.

જવાબમાં, સુપ્રીમ કોર્ટે ઘટનાની તપાસ માટે ત્રણ ન્યાયાધીશોની આંતરિક તપાસ પેનલની રચના કરી.

પેનલે ન્યાયાધીશને દોષિત ઠેરવ્યા

પેનલના તારણો આના પર આધારિત હતા

૫૫ સાક્ષીઓની જુબાની

વિગતવાર ફોરેન્સિક તપાસ

અગ્નિશમન વિભાગના કર્મચારીઓના નિવેદનો

રિપોર્ટમાં તારણ કાઢ્યું હતું કે ન્યાયાધીશ વર્મા અને તેમનો પરિવાર રોકડ સંગ્રહ કરવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જવાબદાર હતા. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આગ લાગ્યા પછી, રાતોરાત રોકડ રકમ કાઢવા અને પુરાવાઓનો નાશ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.રાષ્ટ્રપતિને મહાભિયોગની ભલામણ મોકલવામાં આવી

૮ મેના રોજ, તત્કાલીન ઝતૈં સંજીવ ખન્નાએ રાષ્ટ્રપતિ અને વડા પ્રધાનને પેનલનો અહેવાલ સુપરત કર્યો, જેમાં સત્તાવાર રીતે જસ્ટિસ વર્મા સામે મહાભિયોગની કાર્યવાહીની ભલામણ કરવામાં આવી - જે ભારતની ન્યાયિક પ્રણાલીમાં એક દુર્લભ અને ગંભીર પગલું છે.જસ્ટિસ વર્માએ તમામ આરોપોને નકારી કાઢ્યા છે, સમગ્ર ઘટનાને તેમની વિરુદ્ધ કાવતરું ગણાવ્યું છે. તેમણે હવે સુપ્રીમ કોર્ટમાં ઈન-હાઉસ પેનલના તારણો રદ કરવા અને મહાભિયોગની ભલામણને બાજુ પર રાખવાનો દાવો કર્યો છે, જેનાથી કાનૂની અને સંસ્થાકીય રીતે ભારે વિવાદનો માહોલ સર્જાયો છે.

યશવંત વર્માએ એક દાયકાથી વધુ સમયના તેમના નિર્દોષ ન્યાયિક રેકોર્ડને ઉજાગર કરીને પોતાની પ્રામાણિકતાનો બચાવ કર્યો, અને કહ્યું કે બેન્ચ પરના તેમના કાર્યકાળ દરમિયાન તેમના પર ક્યારેય અયોગ્યતાના કોઈ આરોપો લાગ્યા નથી.

તપાસ પ્રક્રિયાની નિષ્પક્ષતા અંગે ચિંતા વ્યક્ત કરતાં, તેમણે ફક્ત તાજેતરના આરોપોની જ નહીં, પરંતુ ન્યાયાધીશ તરીકેના તેમના એકંદર વર્તન અને કાનૂની સમુદાયમાં તેમની પ્રામાણિકતાની ધારણાની પણ વ્યાપક તપાસ કરવાની હાકલ કરી.વર્તમાન આરોપોને પાયાવિહોણા ગણાવતા, જસ્ટિસ વર્માએ ભારપૂર્વક જણાવ્યું હતું કે હાઈકોર્ટમાં તેમની દાયકા લાંબી સેવા પ્રામાણિકતા અને નિષ્પક્ષતા માટે પ્રતિષ્ઠા ધરાવે છે, અને વિનંતી કરી હતી કે કોઈપણ મૂલ્યાંકનમાં બારના મંતવ્યો અને ન્યાયિક કામગીરીમાં તેમના ટ્રેક રેકોર્ડને ધ્યાનમાં લેવું જોઈએ.

# અમદાવાદ પ્લેન ક્રેશ તપાસ મામલે પાયલટ યુનિયનની વિદેશી મીડિયાને નોટિસ

ભારતીય પાયલટની સંસ્થા, ફેડરેશન ઑફ ઈન્ડિયન પાયલટ્સ એ ધ વૉલ સ્ટ્રીટ જર્નલ અને રૉયટર્સ સામે કાનૂની નોટિસ મોકલી છે. FIPનું કહેવું છે કે, આ વિદેશી મીડિયા હાઉસે એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-171 ના અકસ્માતને લઈને પાયાવિહોણા અને અપમાનજનક સમાચાર છાપ્યા હતા. પાયલટોએ આ સમાચારને તુરંત પરત ખેંચવા અને માફી માંગવાની માંગ કરી હતી. નોંધનીય છે કે, આ વિવાદ ૧૨ જૂને થયેલા એર ઈન્ડિયાના અકસ્માત સાથે જોડાયેલો છે, જેમાં બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનરના બંને એન્જિનના ફ્યૂલ સ્વિચ અચાનક રનથી કટઑફ થઈ ગયા હતા.

AAIB ના પ્રાથમિક રિપોર્ટમાં ખુલાસો થયો હતો કે, અકસ્માતની ઠીક પહેલા વિમાનના કૉકપિટમાં બંને ફ્યુલ સ્વિચ બંધ થઈ ગઈ હતી. કૉકપિટ વૉયસ રેર્કોડિંગમાં સાંભળવા માળ્યું હતું કે, પાયલટે કો-પાયલટને પૂછ્યું કે, ફ્યૂલ કેમ બંધ કર્યું? ત્યારબાદ કો-પાયલટે કહ્યું કે, મેં નથી કર્યું. પરંતુ, રિપોર્ટમાં એવી કોઈ સ્પષ્ટતા કરવામાં નથી આવી કે, સ્વિચ કોણે બંધ કરી અથવા સ્વિચ બંધ થવા પાછળના કયા કારણો જવાબદાર છે. તેમ છતા વૉલ સ્ટ્રીટ જર્નલે અમેરિકન અધિકારીના સૂત્રોને ટાંકીને દાવો કર્યો કે, કેપ્ટને જાણી જોઈને ફ્યૂલ સ્વિચ બંધ કરી દીધી. રૉયટર્સે પણ આવા સમાચાર છાપ્યા હતા, જેમાં કેપ્ટનને જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા.

FIP ના અધ્યક્ષ કેપ્ટન સીએસ રંધાવાએ કડક વલણ અપનાવતા કહ્યું કે, 'AAIB ના રિપોર્ટમાં ક્યાંય એવું લખવામાં નથી આવ્યું કે, પાયલટની ભૂલથી ફ્યુલ સ્વિચ બંધ થઈ છે. આ મીડિયા હાઉસે રિપોર્ટને બરાબર વાંચ્યો જ નથી. અમે તેમની સામે કાર્યવાહી કરીશું.' FIP એ બંને સમાચાર એજન્સીઓ પાસે માફીની માંગ કરી છે.



# મલ્ટિ પ્લેકસ સિનેમામાં પનીર પોપકોર્ન અને કોલ્ડ ડ્રિંકસ વેચીને માલિકો વરસે ચારસો બત્રીસ કરોડ કમાઈ લે છે!!

લૂંટો.લૂંટો.લૂંટો.લૂંટો. લૂંટો.લૂંટો.લૂંટો.( આટલી વાર લૂંટાઇ જાય પછી લૂંટાવા માટે શું બચ્યું હોય?? સજ્જન કે શરાફ શેરડીના કૂચા જેવો રસકસહીન થઇ ગયો હોય!!જો કે ઇન્કમ ટેકસવાળા એમાંથી એક ગ્લાસ રસ કાઢી દે!!) આ લેખની પ્રથમ લાઇન જોઇને બહેનો ( અત્રે ભાઈઓનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. કેમ કે, મહિલાઓનું શોપિંગ પુરૂષો માટે બોરિંગતમ અને ટાંટિયાની કઢી કરનાર અને ગજવા ખાલી કરવાનો કરૂણ ,ગ્લાનિયુકત,અવસાદસભર પ્રસંગ છે!!) એટલે કે મહિલા મંડળ ઓગષ્ટ માસ,નવરાત્રી કે દિવાળી સમયે આવતા સેલની જાહેરાત સમજી થેલા-પાકિટ લઇને સાડીઓના સેલના સમુદ્રમાં શોપિંગની ડૂબકી મારવા રોમે રોમેથી ઝંખના કરવા ઈચ્છુક હોય તો મહેરબાની કરીને તમારા અરમાનના એકસીલેટરને કંટ્રોલમાં રાખી બ્રેક મારજો!!!! આ લેખમાં કમનસીબ તમે વાંચો તેવું કે વિચારો તેવું કશું જ હું લખવાનો નથી !!રુકાવટ કે લિયે ખેદ હૈ!!!

આપણે ત્યાં લૂંટફાટનો અનેરો મહિમા છે.નીતિ શતકની જેમ કોઇ ભતૃહરીએ લૂંટ શતક , લૂંટાયણ, લૂંટ ચરિત માનસ કે લૂંટસંહિતાનું આલેખન કરેલ નથી !!!વાલિયા જેવા મિસ્ટર નટવરલાલ વાલ્મિકી ઋષિ બન્યાનું અનુસરણીય અને અનુકરણીય ઉદાહરણ છે! અમીર લોકોને લૂંટીને લૂંટનો માલ ગરીબોને વહેંચીને શોષણવિહીન સમાજની સ્થાપનાર્થે વન મેન આર્મીની જેમ સંઘર્ષ કરનાર રોબિનહૂડ સામ્યવાદના આવિષ્કાર પહેલાંનો સામ્યવાદી હતો. જેમ કોઇ અપ્રતિમ સુંદરી શિરોહી જેવી મરોડદાર ગ્રીવામાં નેકલેસ ધારણ કરે તેમ અગૂલિમાલ નામનો લૂંટારો તેના શિકારને લૂંટીને શિકારની આંગળી કાપી આંગળીઓની માળા પહેરતો હતો!!બ્રિટિશ રાજમાં પિંઢારા તરીકે ઓળખાતા ક્રૂર,નિર્દય અને ઘાતકી લૂંટારાનો ત્રાસ હતો. આ બધા લૂંટારા કરતા વેપારી,સરકાર , મહાનગરપાલિકા જેવા સોફિસ્ટિકેટેડ લૂંટારા ચાર ચાસણી ચડે તેવા છે!!

શહેરમાં ફાફડા પાંચસો રૂપિયે કિલો વેચાય છે. ફાફડા-ગાંઠિયામાં પચાસ ટકાનો માર્જિન હશે.તમારી પાસેથી પાંચસો રૂપિયા ઓકાવે છતાં છડેચોક લખે કે અમે કપાસિયા તેલ વાપરીએ છીએ. અરે, તો કપાસિયા તેલના ભાવે ગાંઠિયાનું વેચાણ કરતો કેમ નથી?? ઘીની જલેબીના નવસો રુપિયા. ઘીનો ભાવ કિલોએ સાતસો રૂપિયા છે. એક કિલો જલેબી તળવા કિલો ઘી જોઇએ? જે ઘીમાં જલેબી તળી એ ઘી ગટરમાં નાંખી દે કે પછી એ વપરાયેલ ઘીમાં બીજી કે ત્રીસ વાર જલેબી તળે છે?? તો પછી શેના નવસો રૂપિયા તોડે છે??

પિત્ઝા એટલે રોટલો. રોટલા પર બટર,ચીઝ,પેપ્સીકમ વગેરે લગાવ્યું હોય એટલે પિત્ઝા છસો-નવસો રૂપિયાનો થઇ ગયો??પિત્ઝાના રોટલાનું પેકેટ સો રૂપિયાનું આવે છે!!

હોટલ રેસ્ટોરેન્ટમાં સૂપનો ભાવ ત્રણસોથી લઇને અગિયારસો હોય.તેના દસમા ભાગની રકમમાં એકઝીકયુટીવ લંચ કે ગુજરાતી થાળી આવે !! ગ્રાહકને રાજા કે ભગવાન ગણવો એવું મહાત્મા ગાંધી કહી ગયા છે. આપણે આપણા ગ્રાહક રાજાને છેતરીએ છીએ.ગ્રાહકને છેતરવાનો ચચરાટ કેમ થતો નહીં હોય?? નબળી વસ્તુને કવોલિટીટીવ તરીકે ખપાવીને ટીચર જેવા ભાવ તોડવાના??

સિનેમા મનોરંજનનું સાધન છે.સિંગલ સ્ક્રિનના સમયમાં સિનેમાની ટિકિટ,રીક્ષાભાડુ,નાસ્તો મહતમ પાણી સો-દોઢસોમાં સિનેમાનો લુફ્ત લઇ શકાતો હતો.સિંગલ સિનેમામાં બહારના નાસ્તો થિયેટરમાં લઇ જવા પર પાબંદી ન હતી!!ઇવન ઘરનો નાસ્તો પણ થિયેટરમાં એલાઉડ હતો . ચાલુ સિનેમાએ ફેરિયા સિંગ,ધાણી,ટમેટા ડીશ, સમોસા, ભજિયા લઇને વેચતા હતા. અમદાવાદના અનેક સિવેમાગૃહની બહાર મોટી સાઇઝના પાપડ મામૂલી કિંમતે મળતા હતા. લાકડાની પાટલી પર લોઅર સ્ટોલમાં બેસનાર ભચડ ભચડ અવાજ કરી પાપડની લિજ્જત - લુફત ઉઠાવતા હતા .સૌનું શાંતિમય સહ અસ્તિત્વ હતું. વાઘ-બકરી ચા જેવું હતું!!

જયારથી સિંગલ સિનેમા તરીકે ઓળખાતા સિનેમાગૃહો માલિકોના લોભે બંધ થયા અને મલ્ટિપ્લેકસ તરીકે ઓળખાતા સિનેમાગૃહો શરૂ થયા ત્યારથી ગરીબવર્ગ અને નિમ્ન-મધ્યમ વર્ગના કુટુંબોની વાટ લાગી ગઇ!! પાંચ દસ રૂપિયાની ટિકિટોના સ્થાને ટિકિટોના દર દોઢસો અઢીસો થઇ. એમાં પણ સલમાનખાન,આમિરખાન શાહરૂખખાન, અક્ષયકુમારની ફિલ્મ દિવાળી કે ઇદના તહેવારે રિલિઝ થાય કે ટિકિટના દર ત્રણસો કે ચારસો કરી દે. આપક્ષું લોહી મચ્છર ચુસે છે.,અલબત, થોડીક માત્રામાં મલ્ટિપ્લેકસના માલિકો ચાંચડ-માંકડ જેવા નીકળ્યા!!? મલ્ટિપ્લેકસની મોંઘી ટિકિટો, સિનેમાની અંદર પીવાનુ પાણી કે નાસ્તો લઇ જવા પર પ્રતિબંઘ રાખે. હિન્દી ફિલ્મો હોલિવુડ કે સાઉથની કંડમ ઝેરોકસ હોય. ફિલ્મ ચલાવવા સામેથી વિવાદ ઉભો કરે. ફિલ્મમાં ભઠિયો ન હોય એટલે બોકસ ઓફિસ પર પિટાઇ જાય. પ્રોડયુસર,ફાઇનાન્સિયર, ડિસ્ટ્રિબ્યુટર, થિયેટરની વાટ લાગી જાય!! મલ્ટિપ્લેકસ થિયેટર માલિકો પ્રેક્ષકોને પીવાના પાણીની બોટલ થિયેટરમાં લઇ જવા ન દે.થિયેટરની હાટડી પરથી બમણી ત્રમણી કિંમતે વોટર બોટલ ખરીદ કરવાની ફરજ પાડે!! બહાર પંદર કે વીસ રૂપિયે વેચાતું અનહાઇજીન સમોસુ મલ્ટિપ્લેકસની લોન્ડ્રીમાં વોશ થાય એટલે હાઇજીન થઇ જાય.પંદર કે વીસના સમોસાની કિંમત માત્ર નેવું કે સો રૂપિયે થઇ જાય!! આવો જાદુ પી.સી.સરકાર કે કે.લાલ પણ કરી શકતા ન હતા!!

મલ્ટિપ્લેકસ સિનેમાઘરના માલિકોના લોભ, મોનોપોલી, ઈજારાશાહી , તાનાશાહી અને સરમુખત્યારશાહી સામે જન્મુ અને કાશ્મીરના રસિયાઓએ હાઇકોર્ટમાં અપીલ ફાઇલ કરેલ. અરજદારોએ દલીલ કરેલ કે સિનેમા હોલની અંદર પૌષ્ટિક ખોરાક પીરસવામાં આવતો નથી અને જમ્મુ અને કાશ્મીર (રેગ્યુલેશન) નિયમો, ૧૯૭૫ બહારનું ભોજન લાવવા પર પ્રતિબંધ નથી. તેમણે વધુમાં દલીલ કરી હતી કે પ્રતિબંધને કારણે, મૂવી જોનારાઓને થિયેટરની અંદર વધુ કિંમતે ખોરાક ખરીદવાની ફરજ પડે છે.જેમાં હાઇકોર્ટે ૧૮ જુલાઈ, ૨૦૧૮ ના રોજ ચુકાદા આપી મૂવી જોનારાઓને સિનેમા હોલમાં બહારનું ભોજન લાવવાની મંજૂરી આપી હતી.જેની સામે જમ્મુ અને કાશ્મીરના મલ્ટિપ્લેક્સ માલિકો દ્વારા સુપ્રિમ કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવેલી . આ અપીલનો ચુકાદો આપતા સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે સિનેમા હોલ તેના માલિકની ખાનગી મિલકત છે. માલિકને આવા નિયમો અને શરતોને ઠીક કરવાનો અધિકાર છે જ્યાં સુધી તે જાહેર હિત, સલામતી અને કલ્યાણની વિરુદ્ધ ન હોય.સિનેમા હોલ એ જીમ કે પૌષ્ટિક ખોરાક માટેનું સ્થળ નથી પરંતુ મનોરંજનનું સ્થળ છે. જો કોઈ હોલની અંદર જલેબી અથવા તંદૂરી ચિકન લાવે છે તો માલિકને તે નક્કી કરવાનો અધિકાર છે કે તેનો હોલ ગંદો ન હોવો જોઈએ કારણ કે લોકો જમ્યા પછી સીટ પર હાથ લૂછી શકે છે. આવી સ્થિતિમાં ક્ષતિગ્રસ્ત સીટનો ખર્ચ કોણ આપશે? સુપ્રીમ કોર્ટ સિનેમા હોલમાં બહારથી ખાવાનું લઈ જવા મુદ્દે લગાવવામાં આવતી રોકને યોગ્ય ઠેરવી છે.જયાં સુપ્રિમ કોર્ટ જ ક્ષુલ્લક કારણોસર પ્રેક્ષકોને મલ્ટિપ્લેકસ સિનેમા માલિકોને નફાખોરી કરવાનો પીળો પરવાનો આપે તો કોને રાવ-ફરિયાદ કરવાની??પ્રજાને કસાઇની સામે ધરી દીધી છે! કસાઇનો છરો તલવાર જેવો ધારદાર છે!! મલ્ટિપ્લેકસ સિનેમા માલિક માટે હર દિન બકરી ઈદ છે!બોકડા વધેરે રાખો!!!

હમણા એક બિલ વાઇરલ થયું છે. નવી દિલ્હીના પત્રકાર( આ પત્રકાર ગોદી પત્રકાર નહીં હોંય.તેમની હરકતથી એવું લાગે છે!!) નોઇડા સ્થિત મલ્ટિપ્લેકસમાં હલાલ થવા ગયા!!! પત્રકાર મહોદયે પ્રેસનો રોલો પાડ્યો હશે કે તે ભગવાન જાણે. તેણે અધધધધ કહી શકાય તેવા પંચાવન ગ્રામ પનીર પોપકોર્ન રૂપિયા ચારસો સાંઠની મામૂલી કિંમતે ખરીદ કર્યા.(એક કિલોપોપકોર્નની કિંમત આઠ હજાર ત્રણસો ત્રેસઠ થાય.આટલા

આભાર - નિહારીકા રવિયા રૂપિયામાં કદાચ ટન મકાઇ કે જુવાર આવી જાય.જેમાંથી સાત ભવ પોપકોર્ન દરરોજ ઝાપટી શકાય.કેસરની પણ આટલી ઉંચી કિંમત નહી હોય!!)તેણે રૂપિયા ત્રણ ત્રણ સો સાંઠ રૂપિયામાં છસો મિલિમીટર કોલ્ડ ડ્રિંકસ લીધું.એક લીટર કોલ્ડ ડ્રિંકસના રૂપિયા સાતસો બ્સાંશી થયા. આટલા રુપિયામાં શોપિંગ મોલમાંથી પચ્ચીસ લિટર કોલ્ડ ડ્રિંકસ ખરીદી શકાય !! બંને આઇટમનું રૂપિયા આઠસો વીસનું બિલ થયું!! ( આટલા રુપિયામાં ગ્વાલિયા કે ઇસકોનના ગોવિંદા રેસ્ટોરેન્ટમાં બે વ્યકિત એકસકલુઝિવ કે ડિસ્કસ ગુજરાતી થાળી ટેસથી જમી શકે!!મલ્ટિ પ્લેકસ સિનેમાની સીટો,સ્ક્રિનની સંખ્યાનો એક શોનો ગુણાકાર કરો. દિવસના ચાર શોનો ગુણાકાર કરો. મહિના અને વરસની કમાણીનો ગુણાકાર કરો!! માનો કે એક સ્ક્રિનમાં બસો સીટ છે.ચાર સ્ક્રિન છે. આઠસો સીટ થઇ.દિવસના ચાર શો લેખે બત્રીસ સો બેઠકો થઇ. મહિનાની નવ લાખ સીટો થઈ.વરસની એક કરોડ પંદર સીટ થઇ. એમાંથી પંચોતેર ટકા પોપ કોર્ન અને કોલ્ડ ડ્રિંકસ પાછળ પાંચસો રૂપિયાનો ખર્ચ કરે તો રૂપિયા ૪,૩૨,૦૦,૦૦,૦૦૦ એટલે કે ચારસો બત્રીસ કરોડ રૂપિયા એક વરસમાં ગજવે ઘાલે. આટલી રેવન્યુ તો ટિકિટ કલેકશનની નહીં હોય!!

પ્રજા તરીકે તમને હક્ક તરીકે શું મળે છે? કયા હક્ક મળવાપાત્ર છે તેવો તમને સવાલ થતો હશે ! તમારો સવાલ સોલિડ અને વેલિડ છે! અલબત, તેનો જવાબ માહિતી મેળવવાના કાયદા હેઠળ ફી ભરી અરજી કરવા છતાં સરકાર નહીં આપે!! જો કે સરકાર તમને બંધારણ,સિટીઝન એકટ જેવા કાયદાનો હવાલો આપી નાગરિક તરીકે મળવાપાત્ર હક્કોની એવરેસ્ટ જેટલી નહીં પણ પિરાણા ડુંગર જેવી યાદી આપશે. જેનો કોઇ અમલ કરતું ન હતું કરતું નથી અને ભવિષ્યમાં અમલ કરવાના નથી!!પ્રજા તરીકે કમર બેવડ વળી જાય અથવા ચીંથરેહાલ એટલે કે કંગાળતમ બની જાવ ત્યાં સુધી મિલ્કતવેરા,પાણીવેરા, ગટરવેરા, શિક્ષણ ઉપકર,પ્રોફેશનલ (પેન્શનરો કયો વ્યવસાય કરે છે? તે પણ પ્રોંફેશનલ ટેકસ ચૂકવે છે!!!) ટેકસ,ઇન્કમ ટેકસ,સેસ,એકટ્રોય, કસ્ટમ ડયુટી , એકસાઇઝ, ગેઇનટેકસ, ગિફટ ટેકસ,જીએસટી,યાત્રા વેરો, હુલ્લડટેકસ હજુ કોઇ બાકી હોય તો તે ગફલા કે લેથાર્જી દાખવ્યા સિવાય ચૂકવે છે!! એને રાહત કે રેવડી મળે તો ધરતી રસાતાળ કે અનર્થતંત્રનો ભઠો બેસી ગયો હોય તેવો દેકારો ખુદ ગબ્બર કરે છે!! જો કે,ઉધોગપતિના એવરેસ્ટ જેવા દેવા માફ કરતી સમયે અર્થતંત્રનો ગ્રાફ આકાશે પહોંચશે તેવું માને છે!!!

ભરત વૈષ્ણવ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 342**
પ્રકાર : પદ્ય
વિષયઃ મનગમતી રચના
શીર્ષક : રહેવાદો. શબ્દ સંખ્યાઃ ૮૦

મન નથી આઝાદ, તો રહેવાદો,
એમાં નથી ઉન્માદ તો રહેવાદો

છેલ્લે કયારે હસ્યાં દિલ ખોલી,
એ પણ નથી યાદ,તો રહેવાદો

ચાલતા પાલવ અડયાની ઘટના,
ઘટી નથી એકાદ, તો રહેવાદો

વહેતી ધારા,ગાડરિયા પ્રવાહમાં,
તમે નથી અપવાદ તો રહેવાદો

તમારાથી જો,એ અકળ મૌનનો
થાય નહીં અનુવાદ તો રહેવાદો

'લલિત' ગઝલ લખવાં બેઠાં છો ?
દિલ નથી બરબાદ, તો રહેવાદો

લલિત પ્રજાપતિ.બોટાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 345**
વિષયઃ મનગમતી રચના
શીર્ષકઃ આજીજી
પ્રકારઃ પદ્ય - શબ્દોઃ ૯૪

આવ્યું બાળક તારે બારણે દયા થકી, પ્રભુ દયા થકી, ભોળું માસુમ છે મારું વ્હાલું બાળક.

એને દીલડે દયા છે પ્રભુ, ઘણી બધી,
સહાય કરજે મારા પ્રભુ, દયા થકી.

મારું બાળક છે માસુમ ભોળું, મારા પ્રભુ,
જીંદગીના તાપમાં એ, તો લડાઈ લડે ઘણી.

મહેનત કરે છે એ તો રાત દા'ડો ઘણી,
સચ્ચાઈ વસી એના દિલમાં, ઘણી બધી.

મારું બાળક આવ્યું, પ્રભુ દયા થકી,
ડર છે એના મનમાં પ્રભુ, છુપાવે ઘણું.

હું માઁ છું એનું દર્દ મને, સમજાય ઘણું,
રહે છે મક્કમતાથી એનું મન ઘણું.

રડે છે માસુમ દિલ એનું, ઘણું બધુ,
હું માઁ છું એનું દર્દ મને સમજાય ઘણું.

સહાય કરજે પ્રભુ મારા બાળને દયા થકી, એની તમન્ના થાય પ્રભુ પુરી બધી.

હું નમન કરું પ્રભુ મારા હેતથી બહુ ઘણું,
લાગણીની એક આશા પુરી કરો મારા પ્રભુ.

મારું બાળક સુખી થાય, એજ છે મારે ઘણું,
હું નમન કરું પ્રભુ મારા હેતથી બહુ ઘણું.

હંસા ઝાલા "લાગણી" સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS- No 106**
વિષય : -મનગમતી રચના
શીર્ષક :-તું મારો બન્યો
શબ્દ : -૯૦

સાત સૂર એક થયા
ત્યારે તું બન્યો
એકનો એક તું
ઈકતારો બન્યો !
એક મારો બન્યો.
અનહદનાદે નાદ બન્યો.
અનંતના અનહદ નાદે
એક ધ્વનિ ઘૂમરાઈ રહ્યો,
વર્ષાના અમી છાંટણે,
ટપકે ટપકે ટપકાઈ રહ્યો!
નદી નાળાંના કલકલ નાદે,
દરિયાના ઘેઘૂર ઘૂઘવાટે,
પવનના પૂરપાટ સૂસવાટે
ઈકતારો સંધાઈ રહ્યો..
સૂર થકી પરોવાઈ રહ્યો!!!
સાત સૂર એક થયા
ત્યારે તું, મારો બન્યો એકનોએક એકતારો બન્યો,
ત્યારે તું મારો બન્યો
સતરંગી મેઘધનુષી રંગે રંગાયો
એક મારો બન્યો! ૐકારો બન્યો,
હા!તું મારો બન્યો.
મુક્તિદા કુમાર ."મનચલી"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 188**
વિષય : મનગમતી રચના
શીર્ષક : " મિત્ર "
પ્રકાર : અછાંદસ કાવ્ય - શબ્દો : ૫૯

સંકટ સમયની સાંકળ છે મિત્ર;
પરોઢિયે ચમકતી ઝાકળ છે મિત્ર;

સુખમાં હોય સાથે, નહીં કે પાછળ,
ને આપત્તિમાં સદા આગળ છે મિત્ર;

લખવા બેસું જ્યારેય કવન કે ગઝલ,
શ્યાહી, કલમ ને બને કાગળ છે મિત્ર;

દુખ દર્દથી સળગતા જીવન દાવાનળે,
સદા સ્નેહ વરસાવતું વાદળ છે મિત્ર;

સ્નેહીજનોને જો હું ગણું એક ગામ,
તો, "વ્યોમ" એ ગામનું પાદર છે મિત્ર;

નામઃ-?... વિનોદ. મો. સોલંકી "વ્યોમ"
જેટકો (જીઈબી), મુ. રાપર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 184**
વિષય :-મનગમતી રચના
શીર્ષક :-તો કેટલું સારું!
પ્રકાર :-પધ - શબ્દ :- ૧૧૮
દુશ્મન જો દોસ્ત બની જાય તો કેટલું સારું,
વિનાશ નહીં માત્ર વિકાસ થાય તો કેટલું સારું.

સાહિત્યમાં છડેચોક થતી કરાતી ચોરીઓ મૂકી,
સાચું અને પોતાનું જ લખાય તો કેટલું સારું.

નંબર લાવવાની હોડમાં ખુવાર થતો માંહ્યલો,
સર્વત્ર સાચા જ નંબર અપાય તો કેટલું સારું.

બીજાનું છીનવી લેવાની વૃત્તિથી ઐક્ય તૂટ્યું,
પોતાનું આપતાં શીખી જવાય તો કેટલું સારું.

ચોમેર મારઝૂડ કે હાટહાટ કરવાના બદલે,
અબોલ જીવસેવા યજ્ઞ થાય તો કેટલું સારું.

ખુવાર ખેતર, વઢાતા વૃક્ષો, સાફ થતા જંગલો;
સર્વત્ર લીલીછમ હરિયાળી પથરાય તો કેટલું સારું.

આગળ જાય જેમના થકી એમને તો કાપવાના,
પાયાના પથ્થરને પહેલાં પૂજાય તો કેટલું સારું.
હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 224**
વિષય :- મનગમતી રચના
શીર્ષક :- નવલી એષણા
પ્રકાર :- પદ્ય - શબ્દ :- ૯૨

તમારી આંખો હસે ને હોઠ મલકે,
સાહિત્ય સરિતા ગૃપ બસ આમ જ છલકે.

રોજરોજ ખુશીના વાવડ મળ્યા કરે,
દિવસો એકેએક બસ આમ જ ઝલકે.

તમારા અંગત સંગત રંગત ટહુકે,
એકબીજા સંગ થાય બસ આમ જ હલકે.

અબોલ સંગાથે સાયુજ્ય વૃધ્ધિ પામે,
અબોલની વાચા બોલની બસ આમ જ પલકે.

કારમો કળિયુગ સવાલ છેડે પ્રભુ હોવાનો,
સુદર્શન ચક્ર જવીબ બની બસ આમ જ મલકે.

પોતાનાઓના ઘાની અધરી રહી ઓળખ,
મહાદેવ ત્રિશૂલથી 'પ્રીત' બસ આમ જ છલકે.

પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N.O.G S.S. No .0102.**
વિષય :-મનગમતી રચના .
શીર્ષકઃ- દતક પુત્ર.
પ્રકારઃ- ગદ્ય વાર્તા. (સત્ય ઘટના.)
શબ્દ સંખ્યા★ ૩૦૦.

શ્રીભગવતી પ્રસાદ એક બેંકમાં મેનેજર હતા. તેમના પત્ની સુનિતાબેન એક શિક્ષિકા હતા. ઘણા વર્ષ લગ્ન થયા છતાં પણ તેને સંતાન ન હોવાથી તેઓએ દત્તક પુત્ર લેવાનું વિચાર્યું. એક આશ્રમમાંથી પુત્રને લાવી અને પોતાના પુત્ર જેમ જ પાલન પોષણ કરવા લાગ્યા. તેનું નામ રમેશ રાખ્યું.

આ પુત્ર જેમ જેમ મોટો થતો ગયો તેમ કાળો હબસી જેવો અને ભણવામાં પણ ખૂબ હોશિયાર હતો .માતા પિતાએ તેને ખૂબ સારું શિક્ષણ આપ્યું. બારમાં ધોરણ વિજ્ઞાન પ્રવાહમાં ખૂબ સારા ગુણથી તે પાસ થયો. તેઓએ નક્કી કર્યું કે તેનું સારું ભવિષ્ય જાય તે માટે તેન ભણવા જવા બેંકમાંથી લોન લઈ કેનેડા ભણવા માટે મોકલ્યો.

તે કેનેડાના વાતાવરણની સાથે ભણવાને બદલે જુદી જુદી પ્રવૃત્તિમાં ચડી ગયો. દારૂ પીતો, ડ્રગ્સ લેવા લાગ્યો હતો. ભણવાનું બદલે ઊંધા ધંધા કરી અને સમય પસાર કરતો હતો.

એક વખતે રમેશ કોઈપણ જાણ કર્યા વિના ભારત પાછો ફરી અને તેના મા બાપને મળવા આવી ગયો. મા-બાપને તેના દિદાર જોઈ અને એમ લાગતું હતું કે આ કંઈ ખોટું કરી અને આવ્યો લાગે છે. માતા-પિતા તરફ તેને કોઈ પ્રેમ ભાવ ન હતો. માતા-પિતા તેને ખૂબ લાડ લડાવતા પણ છતાંય તે તેની ઉપેક્ષા કરતો હતો .મન ફાવે તેમ વર્તન કરતો હતો ભણવા બાબતમાં પૂછતા જણાવ્યું કે "મને ભણવામાં કોઈ રસ ન હતો. હું તો ત્યાં મોજ મજા કરવા ગયેલો હતો"..

આ રમેશની દિન પ્રતિદિન પૈસાની મા બાપ પાસે માગણી વધતી જતી હતી. હજુ તો માંડ લોનના હપ્તા પૂરા થયા હતા કે આ નવી ઉપાધિ આવી. તે કોઈ કામ ધંધો કરતો નહીં અને મા બાપ પાસેથી મન ચાહે તેવા પૈસા લઈ અને જલસા કરી અને ઉડાડી દેતો હતો. આમ મા બાપને ભારે દુઃખ થતું હતું.

થોડા સમય પછી તેની માતાને કેન્સર થયું અને તે અવસાન પામી ત્યારે પણ તેણે માતૃત્વનું દુઃખ વ્યક્ત ન કર્યું . આમ બેદરકારીપૂર્વક હવે પિતાની પણ કાળજી ન રાખતો. આમ પિતા દત્તક પુત્રને લઈને દુઃખી થઈ ગયા હતા.

રતીલાલ વાયડા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.152**
વિષયઃ મનગમતી રચના
શીર્ષકઃ રાખી સદા પળેપળ..
પ્રકારઃ પદ્ય છંદોબદ્ધ ગઝલ
શબ્દ : ૯૯

આંખોમાં એણે આંજ્યું છે પ્રેમ ઘેરું કાજળ.
પાંપણમાં છે સજાવ્યું જાણે નશીલું વાદળ.

પૂછો ના વાત એથી સ્હેજે વધારે આગળ,
ડૂબી ગયો નયનમાં એના બની હું ઝાકળ.

બિન્દી સજાવી ભાલે જાણે ગગન સિતારો,
જોયા કરું અવાચક, ચૂકું ના એક પણ પળ.

ગરદન અદ્દલ સુરાહી, ને હોઠ મયકદા છે.
પીધા કરું મનોમન, પ્યાલા ભરીને મય જળ.

બ્રહ્માંડ ઝગમગે છે એના નયનની ભીતર,
જાણે કે સ્વર્ગ ધરતી વચ્ચે હતી એ
આભાર - નિહારીકા રવિયા સાંકળ.

મીઠા શબદ ઉચ્ચારે, મોહે અગમ્ય હાસ્યે,
કાતિલ નજર છે એની, જાણે ગરલ હળાહળ.

સાચું કહું તો જ્યાંથી, મારી નજર એ આવી,
એના પછી છે દિલમાં, રાખી સદા પળેપળ.

દિલીપ ધોળકિયા "શ્યામ"જૂનાગઢ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOGSS NO :373***
★વિષય : મનગમતી રચના
★શીર્ષક : માતા
★પ્રકાર : પદ્ય શબ્દ : ૬૯

માતામાં મળે છે સાક્ષાત્ ભગવાન,
આપો સર્વે માતાને દિલથી સમ્માન.

બાળકોમાં જ વસે છે માતાની જાન,
માતા માટે મને પણ છે ખૂબ જ માન.

મા થી અલગ રહેવું નથી હોતું આસન,
મા છે પ્રભુએ આપેલું ખૂબ સુંદર વરદાન.

મા નું ન થવા દેજો તમે ક્યારેય અપમાન,
મા આપે છે બાળકને જીવનનું સાચું જ્ઞાન.

મા વિના સાવ સૂના છે જગના સર્વે સ્થાન,
બધી જ માતા હોય છે બાળક માટે મહાન.
રૂપલ દવે "રૂપ"

# ૧૮૧ મહિલા હેલ્પલાઇન હેઠળ છેલ્લા ૧૦ વર્ષોમાં ૧૬,૫૮,૮૯૨ મહિલાઓએ મેળવી મદદ, ૨.૦૯ લાખ ને સમસ્યાનું સમાધાન




ગાંધીનગર,

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ કાર્યરત ગુજરાત સરકાર મહિલાઓની સુરક્ષા માટે હંમેશા તત્પર રહી છે. આ દિશામાં રાજ્ય સરકારનું એક ક્રાંતિકારી પગલું છે, અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈન. છેલ્લા ૧૦ વર્ષોમાં રાજયની ૧૬,૫૮,૮૯૨ મહિલાઓએ આ હેલ્પલાઈનનો ઉપયોગ કરીને મુશ્કેલ સમયમાં મદદ મેળવી છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે રાજયની મહિલાઓ, યુવતીઓ, કિશોરીઓ તેમજ બાળકીઓ સહિત દરેક વયજૂથની મહિલાઓને સંકટ સમયે સહાય કરવાના હેતુથી માર્ચ, ૨૦૧૫માં અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈનની શરૂઆત કરી હતી. ઘરેલુ હિંસા, શારીરિક-માનસિક અત્યાચાર, છેડતી સહિતના મહિલા વિરોધી ગુનાઓ સામે અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈન મહિલાઓ સાથે અડીખમ બનીને ઊભી રહી છે.અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા રાજયની મહિલાઓને ૨૪૭૭ નિઃશુલ્ક સેવા મળી રહી છે. રાજયની મહિલાઓ તેમની સમસ્યાઓનું ત્વરિત નિવારણ મેળવી શકે તે હેતુથી કુલ ૫૯ રેસ્ક્યુ વાન કાર્યરત છે. તેમાંથી સેફ સિટી પ્રોજેક્ટ હેઠળ અમદાવાદ શહેરમાં ૧૨ રેસ્ક્યુ વાન કાર્યરત છે. તાકીદની પરીસ્થિતિમાં અભયમ રેસ્ક્યુ વાન કાઉન્સિલર સાથે ઘટનાસ્થળ પર પહોંચીને મહિલાઓની સમસ્યાનું સમાધાન કરે છે. અત્યારસુધીમાં, રેસ્ક્યુ વાન દ્વારા ૩.૩૧ લાખ મહિલાઓને મદદ કરીને તેમની સમસ્યાઓનું નિવારણ કરવામાં આવ્યું છે, જ્યારે ૨.૦૯ લાખ કિસ્સાઓમાં સ્થળ ઉપર જ સમાધાન કરી કેસનો નિકાલ કરવામાં આવ્યો છે. અભયમ ૧૮૧ હેલ્પલાઈન હેઠળ રેસ્ક્યુ વાન તથા કાઉન્સેલિંગ જેવી સેવાઓ અનેક મહિલાઓ માટે પારિવારિક અશાંતિ વચ્ચે સુખ-શાંતિનું સરનામું બની છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારની આ સેવાનો રાજ્યની મહિલાઓ સરળ રીતે ઉપયોગ કરી શકે તે હેતુથી ૬ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ અભયમ ૧૮૧ મોબાઈલ એપ્લિકેશન પણ લોન્ચ કરવામાં આવી હતી. રાજયની ૨.૭૩ લાખથી વધુ મહિલાઓએ પોતાની સમસ્યાઓનું સમાધાન મેળવવા માટે આ એપ્લિકેશન ડાઉનલોડ કરી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર મહિલા સલામતીને લઈને કેટલી ગંભીર છે, તે અભયમ ૧૮૧ હેલ્પલાઈન માટે કરવામાં આવેલી નાણાકીય જોગવાઈના આંકડાઓ પરથી સમજી શકાય છે. રાજ્ય સરકારે છેલ્લા ૩ વર્ષમાં અભયમ ૧૮૧ હેલ્પલાઈન માટે કુલ ?૩૭ કરોડ ૭૮ લાખની ફાળવણી કરી છે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૨-૨૩માં અભયમ હેલ્પલાઈન માટે ?૧૦ કરોડ ૫૦ લાખ ફાળવ્યા હતા, ત્યારબાદ વર્ષ ૨૦૨૩-૨૪માં ?૧૨ કરોડ ૫૦ લાખ અને વર્ષ ૨૦૨૪-૨૫માં ?૧૪ કરોડ ૭૮ લાખની ફાળવણી કરવામાં આવી. સરકારે વર્ષ ૨૦૨૫-૨૬ માટે અભયમ ૧૮૧ હેલ્પલાઈન માટે ?૧૫ કરોડ ૦૨ લાખની બજેટ જોગવાઈ મંજૂર કરી છે. આ આંકડાઓ સૂચવે છે કે રાજ્ય સરકાર અભયમ ૧૮૧ હેલ્પલાઈન થકી મહિલા સુરક્ષાનું માળખુ સતત મજબૂત બનાવી રહી છે.

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, ય્ફદ્ગ ઈસ્ઈૈં (જીવીકે-ઈમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ) અને ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સના સહયોગથી અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈન માટે તાલીમબદ્ધ ટીમ તૈયાર કરવામાં આવી છે, કે જેમાં કોઈપણ મહિલા કોઈપણ પ્રકારની મુશ્કેલીમાં હોય.

# અરવલ્લી બાયડ સીડી પીઓ કચેરીના બે કર્મચારીઓને લાંચ લેવામાં નોકરી ગુમાવી પડી. લાંચ સ્વીકારવાના આરોપમાં એજન્સી એ પત્ર પાઠવી ફરજ મુક્ત કર્યા

અરવલ્લી ૧૯ /૭/ ૨૦૨૫

અરવલ્લી જિલ્લામાં ભ્રષ્ટાચાર એજન્સી બરડામાં સપડાયો હોવાના અનેક પુરાવા સામે આવતા હોય છે ત્યારે વધુ ભ્રષ્ટાચાર ના પુરાવા થયાનો વિષય બન્યો છે અરવલ્લી જિલ્લા સંકલિત બાળ વિકાસ યોજના શાખા ના બાયડ સ્વીકારવાના આરોપમાં આરએમ એસોમેન્ટ નામની એજન્સી એ ફરજ મુક્ત કર્યા હોવાનો વ્યાપારમાં પત્ર સામે આવ્યો છે એજન્સી દ્વારા પત્રમાં મુદ્દાઓ આપવામાં આવ્યા છે કે અમને એનું જાણવામાં મળ્યું છે કે અને પૃષ્ટિ મળી છે કે તમે લોજ સ્વીકારવામાં સામેલ હતા જે અમારી કંપનીની આચારસંહિતા અને નૈતિક નીતિનું ગંભીર ઉલ્લંઘન છે આવું વર્તન માત્ર ગેરકાયદેસર નથી પણ અમારી સંસ્થા ની પ્રમાણિકતા અને પ્રતિષ્ઠા ને પણ નુકસાન પહોંચાડે છે તેથી તમારી નોકરીમાંથી કાઢી ને કંપનીના શ્રેષ્ઠ હિતમાં છે સાથે તમારા રોજગારને છેલ્લા દિવસ ૧૭ જુલાઈ ૨૦૨૫ હતો અરવલ્લી જિલ્લામાં માત્ર નાના કર્મચારીઓ ભ્રષ્ટાચારીનો ભોગ બને છે જેમના પણ લખીના ઉપરાણાના આક્ષેપો થાય છે એવા ભ્રષ્ટાચારીઓ ને કચેરીમાં તાજેતરમાં ખાલી પડેલી જગ્યાઓની ભરતી માટે અધિકારી છે માત્ર તેમના મળતીયા ઓને સીધો નિમણૂક પત્ર આપી ભરતી કરવામાં આવતા હોવાના આક્ષેપો ઉઠ્યા છે અરવલ્લી જિલ્લા ના ઉચ્ચ અધિકારીઓ દ્વારા નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો જે રીતે સામે આવી શકે છે



અરવલ્લી જિલ્લાના પરછોડા ગામના પાટીદાર સમાજ ના અને માલપુર તાલુકા પંચાયતના ઉપપ્રમુખ રાજેન્દ્રભાઈ નાથાભાઈ પટેલની દીકરી ડોક્ટર કાજલબેન વાઘેલા આત્મા પીએચડી કરી ડોક્ટરની પદવી પસંદ કરી પરિવાર તેમજ સમાજ અને સમગ્ર અરવલ્લી જિલ્લાને ગૌરવંતુ કરવા બદલ ડોક્ટર કાજલબેન ને શુભેચ્છાઓ સહ અભિનંદન

# ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કુડાસણ ગામના પ્રવેશ માર્ગ પર ચોમાસાથી ક્ષતિગ્રસ્ત ૩૦૦ મીટરના ડામરના રોડનું સમારકામ પૂર્ણ કરાયું



ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસ કાર્યોને અગ્રતા આપીને જુદા જુદા વિસ્તારોમાં રોડ-રસ્તાના સમારકામ અને નવા રોડ બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આ કડીરૂપે, હાલમાં ચોમાસાને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા કુડાસણ ગામના પ્રવેશ માર્ગ પર અંદાજે ૩૦૦ મીટર લાંબા ડામરના રોડનું સરફેસિંગ અને સમારકામ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. ચોમાસા દરમિયાન માર્ગ પર પડેલા ખાડાઓ અને ખરાબ થયેલી સપાટીને તાત્કાલિક સુધારીને સ્થાનિક નાગરિકોને સરળતાથી અવરજવર કરી શકે તે સુનિશ્ચિત કરવા આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સમારકામ દ્વારા કુડાસણ ગામમાં પ્રવેશ કરનાર અને બહાર નીકળનાર વાહનચાલકોને માર્ગ પરની અડચણો દૂર થતાં મોટી રાહત મળશે, પરિણામે ટ્રાફિકની સમસ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો થશે.

આ નવનિર્મિત રોડની કામગીરીનું નિરીક્ષણ ગાંધીનગર મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી અને સિટી એન્જિનિયરશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે કામની ગુણવત્તા અને સમયસર કામગીરી પૂર્ણ થવા અંગે જરૂરી સૂચનો કર્યા હતા. મહાનગરપાલિકા દ્વારા શહેરના અન્ય વિસ્તારોમાં પણ ચોમાસાને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા રોડ-રસ્તાઓના સમારકામની કામગીરી ઝડપભેર પૂર્ણ કરવામાં આવશે, જેથી સમગ્ર શહેરના માર્ગો સુચારુ રૂપે કાર્યરત રહી શકે.

# વર્લ્ડ ડોગ સર્ફિંગ ચેમ્પિયનશિપ માં કૂતરાઓ સર્ફબોર્ડ પર સ્પર્ધા કરશે

કેલિફોર્નિયા,

વાર્ષિક વર્લ્ડ ડોગ સર્ફિંગ ચેમ્પિયનશિપ આવતા મહિને કેલિફોર્નિયામાં યોજાશે, જે એક અનોખી પ્રાણી જળ રમતોની ઈવેન્ટ છે જેમાં પેસિફિકમાં મોજા પર સવારી કરતા કૂતરાઓ જોવા મળશે. આ સ્પર્ધા ૨ ઓગસ્ટના રોજ સાન ફ્રાન્સિસ્કો નજીક પેસિફિકાના લિન્ડા માર બીચ પર યોજાશે.

×વિશ્વના ટોચના ડોગ સર્ફર્સ તેમજ એમેચ્યોર્સને ગોલ્ડ ઘરે લાવવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે,× આયોજકોએ સ્પર્ધાની સત્તાવાર વેબસાઈટ પર જણાવ્યું હતું.

વિજેતાને ગોલ્ડન સર્ફી એવોર્ડ એનાયત કરવામાં આવશે

સર્ફિંગ ઉપરાંત, એક દિવસીય ઈવેન્ટમાં રુવાંટીવાળા મિત્રો માટે ×બીચ ફેશન સ્પર્ધા× અને બચાવ કૂતરાઓ માટે દત્તક લેવાની ઝુંબેશ જેવી અન્ય પ્રવૃત્તિઓ પણ શામેલ હશે

વર્લ્ડ ડોગ સર્ફિંગ ચેમ્પિયનશિપની પાછલી આવૃત્તિઓના ફોટા અને વિડિઓઝમાં કૂતરાઓ મોજા પર સ્થિર રીતે સવારી કરતા દર્શાવવામાં આવ્યા હતા કારણ કે તેઓ ચારેય હાથ પર ઉભા હતા, બેઠા હતા અથવા પોતપોતાના સર્ફબોર્ડ પર સૂતા હતા. પીટ બુલ્સ, પગ્સ અને લેબ્રાડોર સહિત વિવિધ જાતિના કૂતરાઓએ પાછલા વર્ષોમાં ભાગ લીધો છે.

સ્પર્ધા વેબસાઈટ અનુસાર, નિર્ણાયકો સવારીની લંબાઈ, તરંગના કદ અને બોર્ડ પરની નિશ્ચિતતા અથવા તકનીક અને આત્મવિશ્વાસના આધારે ચાર પગવાળા મિત્રોનું મૂલ્યાંકન કરશે. સર્ફબોર્ડ પર કૂતરાઓ દ્વારા કરવામાં આવતી યુક્તિઓ બોનસ છે.

વેબસાઈટ અનુસાર, દરેક રાઉન્ડમાં કૂતરાઓને શક્ય તેટલા મોજા પકડવા માટે ૧૦ મિનિટનો સમય હોય છે.

# ધાનેરા રેલ્વેપુલના છેડેથી અફિણના રસ સાથે એક ઈસમ ઝડપાયો

ધાનેરા પોલિસના ભુરાભાઈ તથા પ્રકાસભાઈ થોડા દિવસો અગાઉ થયેલ અકસ્માતના વાહનની તપાસ માટે ધાનેરા રેલ્વે પુલના છેડે મહેશ્વરી પાર્લર પાસે સી સી ટીવી ફુટેજ ચેક કરી રહ્યા હતા. ત્યારે એક સંકાસ્પદ ઈસમ જણાતાં પોલિસ તેની પાસે પહાંચી ત્યારે આ ઈસમે પોતાની થેલીમાંથી કઈક બહાર સાઈડમાં ફેકીને ચાલવા જતા પોલિસે પકડી પાડેલ અને ફેકેલ વસ્તુ જોતા તે પ્લાસ્ટીકમાં કઈક કાળા રંગની વસ્તુ દેખાતા તાત્કાલિક ધાનેરા પોલિસ મથકે ફોન કરીને સરકારી ગાડી બોલાવી હતી અને ગાડીમાં બેસાડી દેવામાં આવેલ. પોલિસે સરકારી પંચો તેમજ એફ એસ એલ ની ટીમ પણ ધાનેરા હોવાથી તેને બોલાવી તપાસ કરતાં તે પ્લાસટીક ના પાઉચમાં અફિણનો રસ જોવા મળ્યો હતો. પોલિસે આ ઈસમનું નામ પુછતા તેનું નામ દલજીભાઈ જલાભાઈ પટેલ હામ મલાણા, તાલુકો પાલનપુર હોવાનું જણાવેલ. જેથી પોલિસે અફિણના રસનું વજન કરાવતા તેનુ વજન ૪૫૪ ગ્રામ થયેલ જેની અંદાજીત કિમત રુપિયા પિસતાલીસ હજાર ચારસો તેમજ એક મોબાઈલની કિંમત પાંચ હજાર રૂપિયા અને તેની અંગ જડતી લેતા તેની પાસેથી છવીસ હજાર પાંચસો નેવુ રુપિયા રોકડા મળી આવ્યા હતા જેથી પોલિસે આરોપીને જેલના હવાલે કર્યો હતો. ધાનેરાની બાજુમાં આવેલ રાજસ્થાનના સાંચોરમાં પણ અફિણ નાબુદી માટે જોરદાર મુહિમ ચલાવવામાં આવી રહી છે ત્યારે ધાનેરા તાલુકામાં પણ આવી મુહિમ ચલાવવામાં આવે તેવુ લોકો જણાવી રહ્યા છે.




બેંક ઓફ બરોડાના ૧૧૮ માં સ્થાપના દિવસ નિમિત્તે ડાકોર બ્રાન્ચમાં કલાત્મક સુશોભન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બેંકના ખાતેદારોને બેંકના ડાકોર શાખાના બ્રાન્ચ મેનેજર આશુતોષકુમાર ખત્રી તથા સ્ટાફે મીઠાઈ આપીને મીઠું કરાવ્યું હતું આ પ્રસંગે ગુજરાત પત્રકાર સંઘના ઉપપ્રમુખ નીતિન ખંભોળજા ને આવકારી મેનેજર શ્રી એ શુભેચ્છા પાઠવી હતી

# ગુજરાત કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખ શ્રી અમીત ચાવડાનું એરપોર્ટ પર હકડેઠઠ મેદની વચ્ચે ભવ્ય સ્વાગત

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ તરીકે પક્ષની વિચારધારાના મજબુત વાહક, પ્રમાણિક, નિષ્ઠાવાન, લડાયક નેતા, યુવાનો- ખેડૂતો- પીડિતો- વંચિતો- શોષિતોના સૌથી મજબુત અવાજ શ્રી અમીત ચાવડા પર વિશ્વાસ વ્યક્ત કરી નિયુક્તિ કરવા બદલ તેમણે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગે જી, શ્રીમતી સોનિયા ગાંધી જી, લોકસભા વિપક્ષના નેતા શ્રી રાહુલ ગાંધી જી, છૈંઝઝ ના સંગઠન મહામંત્રી શ્રી કે.સી. વેણુગોપાલજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રભારી શ્રી મુકુલ વાસનિક જીનો આભાર વ્યક્ત કર્યો. સાથે જ નિયુક્તિ બાદ દિલ્લીથી ગુજરાત આગમન પર, સરદાર વલ્લભભાઈ પટેલ- અમદાવાદ એરપોર્ટ ખાતે ભવ્ય સ્વાગત કરનારા કોંગ્રેસ પક્ષના સહુ આગેવાનો, હોદ્દેદારો, કાર્યકરોનો આભાર માન્યો. આ ઉપરાંત શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, ×સંગઠન સૃજન અંતર્ગત બુથથી પ્રદેશ સુધી નવું સંગઠન તૈયાર થશે, નવા લોકોને સંગઠનમાં તક મળશે. કોંગ્રેસ પક્ષ સંગઠનના માધ્યમથી પ્રજાની વચ્ચે જઈને પ્રજાની સાથે સંવાદ પ્રસ્થાપિત કરીને પ્રજાના મુદ્દાઓને લઈને લડત- આંદોલન કરશે. ગુજરાત હંમેશા પ્રગતિશીલ રાજ્ય રહ્યું છે, ગુજરાતીઓએ સમગ્ર વિશ્વમાં ડંકો વગાડ્યો છે, તે પરંપરાને આગળ લઈ જતા ગુજરાત અને ગુજરાતીઓનો વિકાસ થાય તે માટેના વિઝન સાથે તમામ કાર્યક્રમોને આગળ વધારીશું.×વધુમાં શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, ×ગુજરાતના યુવાનોના પ્રશ્નો, મહિલાઓ પર થતા અત્યાચાર, ખેડૂતોની સમસ્યાઓ, નાના વેપારીઓની તકલીફો, ફિક્સ પગાર- કોન્ટ્રાક્ટ પ્રથાથી શોષિતો, પીડિતો- વંચિતોનો અવાજ બનીશું. હાલમાં ગુજરાત જે અધિકારી રાજ, કમિશન રાજ, ભ્રષ્ટાચારનો સામનો કરી રહ્યું છે તે નાબુદ કરવા માટે આક્રમકતાથી લડીશું.× ×ગુજરાતની આ ડબલ એન્જીન સરકારમાં સામાન્ય લોકોનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે

# છત્તીસગઢના પૂર્વ સીએમ ભૂપેશ બઘેલનો પુત્ર ચૈતન્ય



છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના પુત્ર ચૈતન્ય બઘેલની દારૂના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

EDના અધિકારીઓએ વહેલી સવારે તેમના ઘરે દરોડા પાડ્યા બાદ, ચૈતન્ય નામના ઉદ્યોગપતિની ભિલાઈ સ્થિત તેમના નિવાસસ્થાનેથી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં તેમને આ કેસના સંદર્ભમાં ૫ દિવસની ઈઙ્ઢ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. રાજ્યની દારૂ નીતિમાં કથિત મની લોન્ડરિંગની એજન્સીની તપાસના ભાગ રૂપે આ ધરપકડ કરવામાં આવી છે. ભૂપેશ બઘેલના નેતૃત્વ હેઠળની કોંગ્રેસ સરકારના કાર્યકાળ દરમિયાન ED કથિત અનિયમિતતાઓની તપાસ કરી રહી છે.મની લોન્ડરિંગનો કેસ છત્તીસગઢ ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો દ્વારા દાખલ કરાયેલ પ્રથમ માહિતી અહેવાલ પર આધારિત છે. ફરિયાદમાં દારૂ નીતિ સંબંધિત ભ્રષ્ટાચારમાં તેમની કથિત ભૂમિકા માટે ૭૦ વ્યક્તિઓ અને સંસ્થાઓના નામ આપવામાં આવ્યા છે. તેમાં ભૂતપૂર્વ આબકારી મંત્રી કવાસી લખમાનો પણ સમાવેશ થાય છે.

કેન્દ્રીય એજન્સીના વિકાસથી વાકેફ લોકોએ જણાવ્યું હતું કે ED ની તપાસમાં ?૧,૦૦૦ કરોડની શંકાસ્પદ રકમ રિકવર થઈ છે.

તપાસ એજન્સીએ દાવો કર્યો છે કે આ ભંડોળનો એક ભાગ ચૈતન્ય બઘેલ અને તેમના સહયોગીઓ દ્વારા સંચાલિત રિયલ એસ્ટેટ કંપનીઓ દ્વારા લોન્ડર કરવામાં આવ્યો હતો.

ચૈતન્ય બઘેલની ધરપકડના વિરોધમાં કોંગ્રેસે શુક્રવારે છત્તીસગઢ વિધાનસભા સત્રનો બહિષ્કાર કર્યો. કોંગ્રેસે ED પર વિપક્ષના સભ્યો અને તેમના પરિવારને ×પજાવવાનો પ્રયાસ× કરવાનો પણ આરોપ લગાવ્યો.×જે રીતે ઈઙ્ઢ દરોડા પાડી રહી છે...તેઓ અમારા પર દબાણ લાવવા અને અમને અને અમારા પરિવારના સભ્યોને હેરાન કરવાનો પ્રયાસ કરી રહી છે. અમારા પુત્ર (ચૈતન્ય બઘેલ) ને તેના જન્મદિવસ પર ઉપાડવામાં આવ્યો છે,× વિપક્ષના નેતા ચરણદાસ મહંતે ગૃહમાં જણાવ્યું.આ દરમિયાન, ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ચૈતન્યના પિતા ભૂપેશ બઘેલે કેન્દ્ર સામે ટીકા કરી, અને દાવો કર્યો કે ધરપકડ ×અદાણી મુદ્દા× પરથી ધ્યાન હટાવવા માટે કરવામાં આવી હતી.

# તાઇવાન ’સંઘર્ષ ઇચ્છતો નથી’, ચીન સાથે મુકાબલો ઉશ્કેરશે

ઉપરાષ્ટ્રપતિ હ્સિયાઓ બી-ખીમે કહ્યું કે તાઈવાન ચીન સાથે સંઘર્ષ ઈચ્છતું નથી અને સંઘર્ષ ઉશ્કેરશે નહીં, પરંતુ બેઈજિંગનું ×આક્રમક× લશ્કરી વલણ પ્રતિકૂળ રહ્યું. ચીન લોકશાહી તાઈવાનને પોતાના પ્રદેશનો ભાગ માને છે અને રાષ્ટ્રપતિ લાઇ ચિંગ-તેને ×અલગતાવાદી× કહે છે. તાઈવાનની સરકાર ચીનના દાવાને નકારે છે.રાજધાની તાઈપેઈમાં તાઈવાન ફોરેન કોરસપોન્ડન્ટ્સ ક્લબમાં બોલતા, હ્સિયાઓએ કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં તાઈવાન પર ચીનનું દબાણ વધ્યું છે પરંતુ ટાપુના લોકો



શાંતિપ્રિય છે.×અમે સંઘર્ષ ઈચ્છતા નથી; અમે મુકાબલો ઉશ્કેરીશું નહીં,× તેણીએ તાઈપેઈ અને બેઈજિંગ વચ્ચે લાઈની વાટાઘાટોની ઓફરને પુનરાવર્તિત કરતા કહ્યું.

દાયકાઓથી, તાઈવાનના લોકો અને વ્યવસાયે ચીનના વિકાસ અને સમૃદ્ધિમાં ફાળો આપ્યો છે, જે ફક્ત શાંતિપૂર્ણ અને સ્થિર વાતાવરણમાં જ શક્ય બન્યું છે, હ્સિયાઓએ ઉમેર્યું.×આક્રમક લશ્કરી મુદ્રા પ્રતિકૂળ છે અને તાઈવાન સ્ટ્રેટની બંને બાજુના લોકોને વિકાસ અને સમૃદ્ધિના એજન્ડાને અનુસરવાની તકોથી વંચિત રાખે છે,× તેણીએ કહ્યું.×(ચીન સાથે) યથાસ્થિતિનું રક્ષણ કરવું એ અમારી પસંદગી છે, કારણ કે તે સરળ નથી, પરંતુ કારણ કે તે જવાબદાર છે અને આપણા સમગ્ર ક્ષેત્રના હિતોને અનુરૂપ છે.×મુખ્ય સેમિકન્ડક્ટર ઉત્પાદક તાઈવાન, હાલમાં બીજા આંતરરાષ્ટ્રીય પડકારનો સામનો કરી રહ્યું છે - યુનાઈટેડ સ્ટેટ્સ સાથે ટેરિફ વાટાઘાટો.

# ૨૩ જુલાઈના રોજ મોડાસા ખાતે અરવિંદ કેજરીવાલની હાજરીમાં ’ખેડૂત પશુપાલક મહાપંચાયત’નું આયોજન

સાબર ડેરી અને પશુપાલકો વચ્ચે થયેલા વિવાદમાં આમ આદમી પાર્ટી ના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ગુજરાતના ખેડૂતો અને પશુપાલકોની સ્થિતિ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. આ મામલે AAP હવે સક્રિય ભૂમિકા ભજવવા જઈ રહી છે, અને આગામી ૨૩ જુલાઈના રોજ મોડાસા ખાતે અરવિંદ કેજરીવાલની હાજરીમાં ‘ખેડૂત પશુપાલક મહાપંચાયત‘નું આયોજન કરવામાં આવ્યું છે. જોકે ઉલ્લેખનીય છે કે એક તરફ આપ દ્વારા અરવિંદ કેજરીવાલના પ્રવાસની જાહેરાત કરવામાં આવી હતી તો બીજી તરફ સાબર ડેરીએ વાર્ષિક ભાવફેરને લઈને મોટી જાહેરાત કરી છે. જેમાં પશુપાલકોને ૯૯૫ રૂપિયા કિલો ફેટ પેટે ચુકવાશે.

મીડિયા સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, અરવિંદ કેજરીવાલ ૨૩ જુલાઈએ ગુજરાતના પ્રવાસે આવશે. આ પ્રવાસ દરમિયાન તેઓ સાબર ડેરીના અત્યાચારનો ભોગ બનેલા પશુપાલકો સાથે મુલાકાત કરશે અને તેમની વેદના સાંભળશે.

# અમરેલીના ખાંભામાં ૭ ગામડાઓને પીવાનું પાણી પુરૂ પાડતી ટાંકી અચાનક ધરાશાયી

અમરેલી,

અમરેલી ખાંભા તાલુકાના મોટા બારમણ ગામ નજીક નાગેશ્રી રોડ કાંઠે આવેલ પાણી પુરવઠા વિભાગની પાણી ભરેલી ટાંકી અચાનક ધરાશાયી થવાની ઘટના બની હતી જો કે સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી. ૭ ગામડા માટે ૧૦ લાખ લીટર પીવાના પાણીની જર્જરિત ટાંકી અચાનક પડી ભારે ભીડ ત્યાં ઉમટી પડી હતી. લાખો લીટર પાણીનો વેડફાટ થતા ખાંભા નાગેશ્રી હાઈવે બંધ કરવા પડ્યો હતો.મીડિયા સુત્રો થકી મળતી પ્રાથમિક માહિતી અનુસાર, આ પાણીની ટાંકી લગભગ ૨૦ વર્ષ પહેલા બનાવવામાં આવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.